જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૧/૨૦૧૬ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી ૬૧ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૬૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૯૦/૧૬**

**સાબરમતીઃ** કુંદન રમેશચન્દ્ર પંડ્યા (ઉ.વ.૨૩) (રહે. નંદીની સોસાયટી જલતરંગ સોસાયટી સામે ડી કેબીન સાબરમતી) ને તા.૧/૧/૧૬ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે મયુર નરેન્દ્રભાઇ નાગર (રહે.સોહમવિલા ફ્લેટ સ્નેહપ્લાઝા ચાંદખેડા) તેના મિત્ર જીતુ સાથે ઘરે આવી કુંદનને નોકરી અપાવવાના બહાને મહેસાણા ખાતે જવાનુ કહીને મોટર સાયકલ ઉપર ત્રણ સવારી બેસીને નીકળેલા હતા ત્યારબાદ કુંદન પરત ઘરે નહી આવતા સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે જાણવા જોગ દાખલ કરેલ હતી. ત્યારબાદ પોલીસ તપાસ દરમ્યાન અડાલજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ડી કેબીન અને ખોડીયાર વચ્ચે આવેલ રેલ્વે ટ્રેકના થાભલા નં ૭૭૧/૦૮ પાસે રેલ્વે ટ્રેક ઉપરથી કપાયેલી હાલતમા અડાલજ પોલીસને બીન વારસીની લાશ મળી આવેલ હતી, જે લાશના ફોટાના આધારે કુંદનની લાશ જણાઈ આવતા આ અંગેની ફરીયાદ કુંદનના માતા દેવિકાબહેનએ તા.૨૭/૧/૧૬ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે અને શકદાર આરોપી મયુરે કોઇ અગમ્ય કારણોસર ડી કેબીન અને ખોડીયાર વચ્ચે આવેલ રેલ્વે ટ્રેક ઉપર પસાર થતી ટ્રેઇનમા ધક્કો મારી પોતાના પુત્ર કુંદનનુ મોત નિપજાવેલ છે તેમ જણાવ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ જે ગોંડલીયા ચલાવે છે.

**નિકોલઃ** જીગરભાઈ ભરતભાઈ સુતરીયા (રહે.ઉમંગ ફ્લેટ આનંદનગર ફ્લેટની બાજુમાં બાપુનગર) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧/૧૬ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે આરોપી ઉત્તમભાઈ બાબુભાઈ તેલુંગુ (રહે.અવની ફ્લેટ મનોહરવિલા ચાર રસ્તા પાસે નિકોલ) એ પ્રેમ પ્રકરણ બાબતે ફોન કરી જીગરભાઈ અને કૌશિકભાઈ કનુભાઈ સગરને ધમકી આપતા, નિકોલ મનોહરવિલા ચાર રસ્તા ભવાની ચોક ખાતે સમજાવવા જતા આરોપી ઉત્તમભાઈ તેલુંગુએ ઉશ્કેરાઈ જઈ રામપુરી ચપ્પુ વડે કૌશિકભાઈને અલગ-અલગ જગ્યાએ ઘા મારી મોત નિપજાવ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ જે ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ખુનની કોશિશની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૧/૧૬</u>**

**કૃષ્ણનગરઃ** મોનાબહેન અજયસિહ સીકરવાર (ઉ.વ.૨૬)(રહે.મોહન ફ્લેટ શિરોમણી સોસાયટીની બાજુમાં બાપાસિતારામ ચોક નવા નરોડા) એ તા.૨૫/૧/૧૬ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી પતિ અજયસિહ શિવકુમાર સિકરવાર (રહે. મોહન ફ્લેટ શિરોમણી સોસાયટીની બાજુમાં બાપાસિતારામ ચોક નવા નરોડા) અને સાસરીયાવાળાએ ભેગા મળી અવાર-નવાર દહેજની માંગણી કરી માનસીક ત્રાસ આપી તા.૨૫/૧/૧૬ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે સાસુએ ઈલેક્ટ્રીક ઈસ્ત્રી ગરમ કરી જમણા પગે ઈજાઓ કરી હતી તેમજ પતિ અને સસરાએ પકડી રાખી સાસુ અને નણંદે દુપટ્ટાવડે ગળામાં બાંધી પંખા સાથે ગળેફાંસો આપી મારી નાખવાની કોશિશ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી આર સંગાડા ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૯૨/૧૬**

**ખોખરાઃ** રમણભાઈ કેશુભાઈ ચાવડા (રહે.મ્યુ.હેલ્થ ક્વાર્ટર્સ સુખરામનગર ચાર રસ્તા પાસે રાજપુર ગોમતીપુર) એ તા.૨૬/૧/૧૬ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી (૧) વિષ્ણુભાઈ મારવાડી (રહે. કબીર આશ્રમ પાસે વસ્ત્રાલ) (૨) માસ્ટર ઉર્ફે ટીચર (૩) હિમાન્શુ પારેખ અને (૪) મનીષ છેદીલાલ ચોરસીયા (રહે. હનુમાનનગર સીટીએમ ખોખરા) એ ભેગા મળી રાષ્ટ્રભારતી સ્કુલ પાસે આવેલ ઓફીસ ખાતે ઈશ્વર કૃપા સોસાયટી ખાતે વિભાગ-૧ મકાન નંબર-૧ રૂપિયા ૧૮,૦૦,૦૦૦/- મા વેચાણ આપવાનુ કહી રમણભાઈ પાસેથી બાના પેટે રોકડ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- મેળવી લઈ તેમજ રમણભાઈ ટ્રેક્ટર હોવાથી ટ્રેક્ટરના ભાડા ભરાવી નિકળતી રકમ માંગવા જતા જાતીવાચક શબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ મદદનિશ પોલીસ કમિશનર શ્રી આઈ ડીવીઝન ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૩/૧૬</u>**

**શહેરકોટડાઃ** રવિભાઈ સુરેશભાઈ પટણી (ઉ.વ.૧૯)(રહે.નર્મદાબેનની ચાલી મેઘાણીનગર) એ કોઈ કારણસર તા.૨૬/૧/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે ચામુંદાબ્રીજ નીચે આવેલ લોખંડની સીડીની એંગલ સાથે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દશરથભાઈ રમણભાઈ ચલાવે છે.

**<u>ગુમ થવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૪/૧૬</u>**

| | |
|---|---|
| **નિકોલ** : સુર્યાબહેન રણજીતસિહ ચાવડા (ઉ.વ.૨૨)(રહે.ઠાકોરવાસ નિકોલ ગામ) તા.૧૭/૧/૧૬ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના પિયરમાંથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. જાંબલી રંગનો પંજાબી ડ્રેસ અને કાળા રંગની લેગીઝ પહેરી છે. ઉંચાઇ ૫ ફુટ છે. (નિકોલ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |
| **ખોખરાઃ** સુનિતાબહેન હસમુખભાઈ બારોટ (ઉ.વ.૩૦)(રહે.નારાયણનગર મદ્રાસી મંદિર પાસે ખોખરા) તા.૧૯/૧/૧૬ સાંજના ૭/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરેથી પોતાની બે પુત્રી દિવ્યાંસી (ઉ.વ.૬) અને ધારા (ઉ.વ.૪) ને સાથે લઈ કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. પીળા રંગની સાડી-બ્લાઉઝ અને લીલા રંગનુ સ્વેટર પહેર્યુ છે. ડાબા હાથની કલાઈ ઉપર છુંદણાથી અંગ્રેજીમાં (એસ.આર.વી.પી) કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ છે. (ખોખરા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૬૧૧૬૮) |  |



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **એલીસબ્રીજ:** બિંદુબહેન પ્રેમાજી પ્રજાપતિ (ઉ.વ.૨૨) (રહે.નર્સીંગ એપાર્ટમેન્ટ એપોલો હોસ્પીટલની બાજુમાં આશ્રય ફ્લેટની સામે આંબાવાડી) તા.૩૦/૧૨/૧૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. પીળા તથા ગુલાબી રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. હોઠ ઉપર તલ છે. ઉંચાઈ ૫ ફુટ ઈંચ છે. (એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૫૭૮૨૦૨) |  |
| **વેજલપુર:** દેવાંશુ અવિનાશભાઈ પંચાલ (ઉ.વ.૨૦)(રહે.શ્રી નંદનગર વિભાગ-૫ મકરબા રોડ વેજલપુર) તા.૨૫/૧૨/૧૫ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને રંગે ગોરા છે. લાલ-સફેદ રંગનુ ચોકળીવાળુ શર્ટ અને કાળા રંગનુ પેન્ટ પહેર્યુ છે. ગળાની પાછળ લાખુ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (વેજલપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૧૦૬૧૪) |  |
| **નવરંગપુરાઃ** પુજાબહેન શિવકુમાર દાહીયા (ઉ.વ.૨૨) (રહે.ટેરેસ એપાર્ટમેન્ટ કોમર્સ છ રસ્તા પાસે ગર્લ્સ હોસ્ટેલ પાછળ નવરંગપુરા) તા.૧૮/૧/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. કાળા રંગનુ ટોપ અને પાયજામો પહેર્યો છે. દાઢીના ભાગે જુનુ ઓપરેશનનુ નિશાન છે. ઉંચાઈ ૫ ફુટ ૪ ઈંચ છે. (નવરંગપુરા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૪૪૦૬૯૮) |  |
| **વટવાઃ** કૃણાલ રમેશભાઈ ભાવસાર (ઉ.વ.૨૭) (રહે.હરીઓમનગર જીવીબા સ્કૂલ પાસે ઘોડાસર વટવા) તા.૨૧/૧/૧૬ સાંજના સમયે પોતાના ઘરેથી નોકરીના ટેન્શનના કારણે કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. કાળા રંગની ટી-શર્ટ અને ગ્રે રંગનુ પેન્ટ પહેર્યુ છે. કપાળની ડાબી બાજુ જુનુ વાગેલાનુ નિશાન છે. આંખો માંજરી છે. ઉંચાઈ ૫ ફુટ ૨ ઈંચ છે. (વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |
| **વટવાઃ** રિન્કુબહેન ઘનશ્યામભાઈ (ઉ.વ.૧૯) (રહે.સીતાબાગ સોસાયટી ગેબનશાહ ઈસનપુર વટવા) તા.૧૮/૧/૧૬ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી પી.ડી.પંડ્યા કોલેજ જવાનુ કહી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. દુધીયા રંગનો ડ્રેસ અને કોફી રંગની લેધીઝ પહેરી છે. જમણા હાથની હથેળીના ઉપરના ભાગે દાઝેલાનુ નિશાન છે.ઉંચાઈ ૪ ફુટ ૮ ઈંચ છે.(વટવા પો.સ્ટે ફોન નં ૨૫૭૧૦૦૭૪) |  |
| **ચાંદખેડાઃ** લોમા ભરતભાઈ સોલંકી (ઉ.વ.૧૯) (રહે.કિર્તન સોસાયટી સ્નેહ પ્લાઝા ચાંદખેડા) તા.૨૦/૧/૧૬ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. લાલ રંગનો ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ ૪ ઈંચ છે.(ચાંદખેડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૩૨૯૧૨૮૦) |  |
| **ઓઢવઃ** લખાજી શાંતીજી પરમાર (ઉ.વ.૫૫) (રહે.ઓઢવ રીંગ રોડ સર્કલ નજીક શબરી હોટલની પાછળ ઓઢવ) બે વર્ષ પહેલા પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. માથાના ભાગે જુનુ વાગેલાનુ નિશાન છે. જમણી આંખની ભ્રમર ઉપર તલ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (ઓઢવ પો. સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)